### નડિયાદના સુરાશામળ ગામે મધરાતે લૂંટના ઇરાદે ઘૂસેલા 5 હથિયારધારીઓનો આતંક

# અમેરિકાથી પિતાની સારવાર માટે આવેલા NRI વેપારીના ઘરમાં લૂંટારુઓ ત્રાટક્યા

**પિતાને બચાવવા** પડેલા પુત્ર પર છરાથી જીવલેણ હુમલો, પુત્રની બૂમાબૂમથી લૂંટારુઓ ભાગ્યા

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૦

નડિયાદ તાલુકાના સુરાશામળ ગામે અમેરિકાથી પોતાના બીમાર પિતાની સારવાર અર્થે આવેલા વેપારીના ઘરમાં મધરાતે લૂંટના ઈરાદે પાંચ હથિયારધારી શખ્સો ઘૂસી આવ્યા હતા. લૂંટારુઓએ વૃદ્ધ પિતાનું ઓશિકા વડે મોઢું દબાવીને હત્યા કરવાનો પ્રયાસ કરતાં પિતાને બચાવવા વચ્ચે પડેલા પુત્ર પર તીક્ષ્ણ હથિયાર વડે જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઈજાગ્રસ્ત પિતા-પુત્રને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

મૂળ સુરાશામળના વતની અને છેલ્લા 35 વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલા 57 વર્ષીય સંદિપકુમાર જશભાઈ પટેલ પોતાના બીમાર પિતાની સારવાર અને ઓપરેશન કરાવવા માટે દસેક દિવસ પહેલા જ વતન આવ્યા હતા. તારીખ 19 સપ્ટેમ્બર 2026ની રાત્રે જમીને સૂઈ ગયા બાદ, આશરે 2 વાગ્યાના સુમારે સંદિપકુમારને પિતાના રૂમમાંથી અવાજ સંભળાતાં તેઓ ત્યાં દોડી ગયા હતા. રૂમમાં 25 થી 35 વર્ષની ઉંમરના ત્રણ અજાણ્યા શખ્સો હાજર હતા, જે પૈકી એક શખ્સ પિતાનું ઓશિકા વડે મોઢું દબાવી રહ્યો હતો જ્યારે અન્ય બે શખ્સો પલંગ પાસે ઊભા હતા.

જોકે, સંદિપકુમારે લૂંટારુઓનો પ્રતિકાર કરી બૂમાબૂમ કરતાં ઉગ્ર ઝપાઝપી થઈ હતી. આ દરમિયાન લૂંટારુઓએ છરો કાઢી સંદિપકુમારના માથા અને બરડાના ભાગે ઘા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. લોહીલુહાણ હાલતમાં પણ સંદિપકુમારે બૂમો પાડવાનું ચાલુ રાખતાં ત્રણેય શખ્સો ઘરના દાદર પરથી બીજે માળ થઈ પાછળના પતરા પર કૂદીને ભાગી છૂટ્યા હતા. આ બનાવ અંગે ગામમાં રહેતા મિત્ર ગોપાલ મગન પટેલને જાણ કરાતાં તેઓ અન્ય લોકોને લઈને દોડી આવ્યા હતા. ઈજાગ્રસ્ત પિતા-પુત્રને 108 એમ્બ્યુલન્સ મારફતે પહેલાં અલીન્દ્રા સરકારી દવાખાને અને ત્યારબાદ નડિયાદ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

આ સમગ્ર હિંસક ઘટના અંગે સંદિપકુમાર પટેલે ચકલાસી પોલીસ સ્ટેશનમાં પાંચ અજાણ્યા ઈસમો વિરુદ્ધ લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસી હત્યાનો પ્રયાસ કરવાની ફરિયાદ નોંધાવી છે.

#### CCTV ફૂટેજ અને ઘટનાસ્થળેથી મળેલા પુરાવા

આ બનાવ બાદ ઘરમાં તપાસ કરતા પલંગ પરથી એક સ્ટીલનું ખંજર મળી આવ્યું હતું તથા ઘરની પાછળ સીડી પાસે લૂંટારુઓની એક જોડી ચંપલ છૂટી ગઈ હતી. ઘરમાં લાગેલા સીસીટીવી કેમેરા ચેક કરતાં ત્રણ શખ્સો અગાસીના ખુલ્લા દરવાજેથી ઘરમાં ઘૂસ્યા હોવાનું અને અન્ય બે શખ્સો ઘરની બહાર ઊભા રહીને રેકી કરતા હોવાનું સ્પષ્ટ જોવા મળ્યું હતું.

### આણંદમાં પૌષ્ટિક વાનગીઓ અને મિલેટ્સનું પ્રદર્શન યોજાયું



આણંદ જિલ્લા પંચાયત ખાતે મહાનુભાવો અને અધિકારીઓની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લા કક્ષાના 'પોષણ ઉત્સવ-૨૦૨૬'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આંગણવાડી કાર્યકરો અને એસ.એમ. પટેલ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા મિલેટ્સ તથા ટીએચઆરમાંથી બનેલી વિવિધ પૌષ્ટિક વાનગીઓનું પ્રદર્શન યોજાયું હતું. બાળકોની સાંસ્કૃતિક પ્રસ્તુતિ તેમજ આંગણવાડી બહેનો દ્વારા 'ભવાઈ' અને નાટક રજૂ કરી પોષણનું મહત્વ સમજાવી સૌએ કુપોષણ નાબૂદીના શપથ લીધા હતા. આ ઉત્સવ દરમિયાન યોજાયેલી વાનગી સ્પર્ધાના શ્રેષ્ઠ વિજેતાઓને મહાનુભાવોના હસ્તે સ્મૃતિ ભેટ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

### મહીસાગર જિલ્લા શાળા સંચાલક મંડળ દ્વારા મુખ્યમંત્રી અને શિક્ષણ મંત્રીને પત્ર

# ધોરણ-૯થી ૧૨ની ગ્રાન્ટેડ શાળામાં મિડ-ડે મિલ યોજના શરૂ કરવા માંગ

**વિદ્યાર્થીઓના** સ્વાસ્થ્યને ધ્યાને રાખી આગામી બજેટમાં જોગવાઈ કરવા રજૂઆત કરાઇ

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૨૦

રાજ્યની ગ્રાન્ટ-ઈન-એઈડ (અનુદાનિત) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (ધોરણ ૯ થી ૧૨) ના વિદ્યાર્થીઓ માટે 'મિડ-ડે મિલ' (મધ્યાહન ભોજન) અથવા હેલ્ધી નાસ્તાની યોજના સત્વરે શરૂ કરવા મહીસાગર જિલ્લા શાળા સંચાલક મંડળ-લુણાવાડા દ્વારા રાજ્ય સરકારને લિખિત રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે મંડળના મહામંત્રી નરેન્દ્રસિંહ સિસોદિયા દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, શિક્ષણ મંત્રી ડૉ. પ્રદ્યુમન વાજા, શિક્ષણ રાજ્ય મંત્રી રીવાબા જાડેજા તથા શિક્ષણ સચિવને પાઠવેલા પત્રમાં વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ રજૂ કરવામાં આવી છે.

આ રજૂઆતમાં જણાવ્યું હતું કે, ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારના વિદ્યાર્થીઓ અંદાજે ૧૨ થી ૧૪ કિલોમીટર દૂરથી શાળાએ આવે છે. શાળાનો સમય સવારે ૧૦:૩૦ થી સાંજે ૫:૧૦ સુધીનો હોવાથી વિદ્યાર્થીઓને સવારે ૯:૦૦ વાગ્યાથી સાંજે ૬:૩૦ વાગ્યા સુધી ઘરથી દૂર રહેવું પડે છે. હાલમાં મધ્યાહન ભોજનની સુવિધા માત્ર પ્રાથમિક શાળાઓ પૂરતી સીમિત છે. યોગ્ય ભોજનના અભાવે વિદ્યાર્થીઓ પેકેજ્ડ ફૂડ અને જંકફૂડ ખાવા મજબૂર બને છે, જેનાથી તેમના આરોગ્ય પર વિપરીત અસર પડે છે. તાજેતરના શાળા આરોગ્ય રિપોર્ટમાં પણ આ બાબત સામે આવી છે. મહીસાગર જિલ્લા શાળા સંચાલક મંડળે વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની ગંભીરતા ધ્યાને લઈ આગામી બજેટમાં જરૂરી જોગવાઈ કરી ધોરણ ૯ થી ૧૨ માટે મધ્યાહન ભોજન યોજના ત્વરિત અમલમાં મૂકવા વિનંતી કરી છે.

# જીણજ પાસે ઈજાગ્રસ્ત ગાયનો જીવ બચાવ્યો

**પશુચિકિત્સકની** સમયસરની ઉત્કૃષ્ટ અને સંવેદનશીલ કામગીરી

(પ્રતિનિધિ) ખંભાત તા.૨૦

ફરજનો સમય પૂર્ણ થઈ ગયો હોવા છતાં જીવદયા અને ફરજનિષ્ઠાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડતાં, આણંદ જિલ્લાના ખંભાત તાલુકાના જીણજ ખાતે ફરતા પશુ દવાખાનાની ટીમે રસ્તા પર ઈજાગ્રસ્ત થયેલી ગાયને તાત્કાલિક સારવાર આપી જીવ બચાવી લીધો છે.

આણંદ જિલ્લાના ફરતા પશુ દવાખાનાના પશુચિકિત્સક ડો. અલ્પેશ ભરાડ તથા પાયલોટ-કમ-ડ્રેસર મહુલ બારૈયાને ઘટનાની જાણ થતાં જ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગયા હતા. તેમણે રસ્તેથી પસાર થતા લોકોની મદદ વડે ઘાયલ ગાયને રસ્તાની બાજુએ સુરક્ષિત રીતે ખસેડીને તેની વિગતવાર તપાસ કરી હતી. પ્રાથમિક તપાસ દરમિયાન ગાયને સામાન્યથી મધ્યમ પ્રકારની ઈજાઓ થઈ હોવાનું જણાતાં, ટીમે સ્થળ પર જ જરૂરી પશુચિકિત્સાકીય સારવાર શરૂ કરી હતી. જેમાં ગાયને મેલોક્સિકેમ ઈન્જેક્શન આપવામાં આવ્યું હતું, ઘાવ પર પોવિડોન ડ્રેસિંગ કરાયું હતું તેમજ ઝિંક-બોરિક પાઉડરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આમ, ડો. અલ્પેશ ભરાડ અને મહુલ બારૈયાની સમયસરની કામગીરી, પશુપ્રેમ અને સંવેદનશીલતાના કારણે ઘાયલ ગાયનો જીવ બચાવી શકાયો હતો. ફરજના સમય બાદ પણ નિષ્ઠાપૂર્વક બજાવાયેલી આ સેવા માનવતાનું એક પ્રેરણાદાયી ઉદાહરણ બની રહી છે.

### જમીન માપણી અને પ્રોપર્ટી કાર્ડના કામો અટકતા અરજદારોને પારાવાર હાલાકી

# ખેડા જિલ્લામાં લેન્ડ રેકોર્ડ કર્મીઓની પેન ડાઉન હડતાલ

**ખેડા જિલ્લામાં** છ દિવસથી સરકારી કામકાજ ઠપ, ૨૧મીથી અચોક્કસ મુદતની હડતાલની ચીમકી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૨૦

ખેડા જિલ્લામાં ગુજરાત રાજ્ય લેન્ડ રેકોર્ડઝ વર્ગ-૩ કર્મચારી મંડળ દ્વારા વિવિધ પડતર પ્રશ્નો અને પગાર ધોરણ સુધારા અંગે ચાલતી પેન ડાઉન હડતાલને ૬ દિવસ પૂર્ણ થયા છે. સરકાર તરફથી કોઈ હકારાત્મક પ્રતિભાવ ન મળતાં આગામી ૨૧ સપ્ટેમ્બરથી અચોક્કસ મુદતની હડતાલ પર જવાની ચીમકી આપવામાં આવી છે.

લેન્ડ રેકોર્ડ કર્મચારી મંડળ દ્વારા ખાસ કરીને સીનિયર સર્વેયર સંવર્ગનું પગાર ધોરણ વધારવા તથા અન્ય પડતર પ્રશ્નો અંગે લાંબા સમયથી લેખિત રજૂઆતો અને આંદોલનાત્મક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. તંત્રની ઉદાસીનતા સામે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યા બાદ ગત ૧૧મી સપ્ટેમ્બરથી પેન ડાઉન હડતાલ શરૂ કરાઈ હતી.

આ હડતાલના કારણે સમગ્ર જિલ્લામાં પ્રોપર્ટી કાર્ડ બનાવવાની પ્રક્રિયા, જમીન માપણી અને સીમાડા વિવાદ સહિત મહેસૂલી અને સરકારી કામકાજ સંપૂર્ણપણે અટકી પડ્યા છે. જિલ્લાના વિવિધ તાલુકાઓ અને દૂર-દૂરના ગામડાઓમાંથી જમીન સંબંધિત કામો માટે આવતા અરજદારોને કામ થયા વગર જ ધક્કા ખાવાનો વારો આવ્યો છે, જેનાથી પ્રજાને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. આ ઉપરાંત ૬ દિવસથી કચેરીઓમાં કામકાજ બંધ હોવા છતાં તંત્ર તરફથી નક્કર નિર્ણય ન આવતાં કર્મચારીઓમાં ભારે રોષ છે. જો માંગણીઓ સત્વરે નહીં સંતોષાય તો ૨૧ સપ્ટેમ્બરથી તમામ કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાલ પર ઉતરીને આંદોલન વધુ ઉગ્ર બનાવશે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### વીરપુરના ડેભારીથી મા અંબાના દર્શનાર્થે 70થી વધુ ભક્તોનો પગપાળા સંઘ અંબાજી રવાના



**વીરપુર |** મહિસાગર જિલ્લાના વિરપુર તાલુકાના ડેભારી (તોરણાના મુવાડા) થી શનિવારે ભક્તિમય વાતાવરણ વચ્ચે મા અંબાના દર્શનાર્થે પગપાળા સંઘનું પ્રસ્થાન થયું હતું. આ પ્રસંગે આશરે 200 જેટલા લોકોની ઉપસ્થિતિમાં મા અંબાના જયઘોષ સાથે રથને વિદાય આપવામાં આવી હતી. ડેભારીથી અંદાજે 70થી વધુ પદયાત્રી ભક્તો મા અંબાના દર્શન માટે આ પગપાળા સંઘમાં જોડાઈને રવાના થયા છે. સ્થાનિક ભક્તો દ્વારા છેલ્લા 18 વર્ષથી આ પરંપરા મુજબ દર વર્ષે ભારે ઉત્સાહપૂર્વક પગપાળા અંબાજીની યાત્રા કરવામાં આવે છે.

### વીરપુર ખાતે ડો.પ્રવીણ તોગડિયાની ઉપસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદનો કાર્યક્રમ યોજાયો

**વીરપુર |** મહિસાગર જિલ્લાના વિરપુર એપીએમસી હોલ ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના અધ્યક્ષ ડો. પ્રવીણ તોગડિયાની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે તેમણે ગામેગામ



હનુમાન ચાલીસા કેન્દ્રો શરૂ કરી હિન્દુ સમાજને એક કરવા અને સેવાકીય પ્રવૃત્તિઓ આગળ વધારવા આહ્વાન કર્યું હતું. તેમણે દેશમાં વધી રહેલા બ્લડપ્રેશર, ડાયાબિટીસ અને મોટાપા જેવી આરોગ્ય સમસ્યાઓ અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. લોકોમાં સ્વાસ્થ્ય અંગે જાગૃતિ લાવવા 'હિન્દુ હેલ્પલાઇન'ની સેવાઓ વિશે માહિતી આપવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં નગરજનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

**ગતિવિધિ**

**આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.**

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### આણંદના ફાયર સ્ટેશન ખાતે 86 વિદ્યાર્થીઓ અને શિક્ષકોને ફાયર સેફ્ટીની પ્રત્યક્ષ તાલીમ અપાઇ

**આણંદ |** કરમસદ - આણંદ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ ખાતે ડી.એન. હાઇસ્કૂલ અને કસ્તુરબા કન્યા વિદ્યાલયના 86



વિદ્યાર્થીઓ તથા 2 શિક્ષકો માટે ફાયર સેફ્ટી અવેરનેસ ટ્રેનિંગ યોજાઈ હતી. આ પ્રસંગે સ્ટેશન ફાયર ઓફિસર ધર્મેશ ગોરની સૂચનાથી સબ ફાયર ઓફિસર અબ્દુલભાઈ ભાથાણીયા અને ફાયર ટીમ દ્વારા પ્રાથમિક ધોરણે આગ બુઝાવવાની રીતો અને સુરક્ષાના ઉપાયો સમજાવવામાં આવ્યા હતા. આ તાલીમ દરમિયાન વિદ્યાર્થીઓને અગ્નિશામક યંત્રનો સાચો ઉપયોગ તેમજ ફાયર બ્રિગેડ દ્વારા કરવામાં આવતી કામગીરી વિશે વિસ્તૃત સમજૂતી આપી માહિતગાર કરાયા હતા.

### આણંદ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્રમાં 'નેશનલ સાયન્સ સેમિનાર-૨૦૨૬' યોજાયો

**આણંદ |** આણંદ જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર ખાતે 'Indian Energy Basket 2047' વિષય પર જિલ્લા કક્ષાનો સેમિનાર યોજાયો, જેમાં



વિદ્યાર્થીઓએ ઊર્જા ક્ષેત્રના ભાવિ અંગે પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ સ્પર્ધામાં ચરોતર ઈંગ્લીશ મીડીયમ સ્કૂલની વિદ્યાર્થીની કૃતિકા વિજયભાઈ સાપરિયાએ પ્રથમ અને આઈ. બી. ઈંગ્લીશ સ્કૂલ વિદ્યાનગરની ખુશી બંકીમચંદ્ર પટેલે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આ કાર્યક્રમમાં લોક વિજ્ઞાન કેન્દ્રના માનદ નિયામક ડો. વિભા વૈષ્ણવ દ્વારા તમામ સહભાગીઓ અને વિજેતાઓને અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### કપડવંજ ખાતે ભારત વિકાસ પરિષદ શાખાનો કાર્યકર્તા મિલન કાર્યક્રમ યોજાયો

**કપડવંજ |** મણીલક્ષ્મી જૈન તીર્થ, માણેજગામ ખાતે ગુજરાત સેન્ટ્રલ




પ્રાંત અંતર્ગત શનિ અને રવિ એમ બે દિવસીય કાર્યકર્તા મિલન કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભારત વિકાસ પરિષદ કપડવંજ શાખા તરફથી શાખાના પ્રમુખ મનસુખભાઈ વાલાણી અને મંત્રી મુકેશભાઈ તલાટી સહભાગી થયા હતા. આ પ્રસંગે કારોબારી સભ્યો શાંતિલાલ પ્રજાપતિ, દિનેશભાઈ પટેલ, ગોપાલભાઈ ભટ્ટ, કિરીટભાઈ ચોકસી, દીપેન શાહ, શૈલેષ સોની અને ધર્મિષ્ઠાબેન ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત શાખાના અન્ય સભ્યો પણ આ ગુજરાત સેન્ટ્રલ પ્રાંત કાર્યકર્તા મિલનમાં ઉત્સાહભેર જોડાયા હતા.

### કપડવંજ શહેર ભાજપના યુવાનો દ્વારા વડનગરથી વારાણસી બાઈકયાત્રાનું પ્રસ્થાન

**કપડવંજ |** ભારતીય જનતા પાર્ટી, કપડવંજ શહેર દ્વારા યુવાનો માટે



વડનગરથી વારાણસી સુધીની બાઈકયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું છે. કપડવંજ શહેર ભાજપના હોદ્દેદારો રાઘવ દવે, ભાર્ગવ બારોટ અને અંકિત યાદવે લાલબહાદુર શાસ્ત્રીજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પી યાત્રાનો પ્રારંભ કર્યો હતો. આ પ્રસંગે પાલિકા પ્રમુખ સેજલ પટેલ, શહેર ભાજપ પ્રમુખ નયન પટેલ તથા પૂર્વ જિલ્લા ભાજપ ઉપપ્રમુખ ગોપાલ શાહ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસ્થાન સમયે પાલિકા સદસ્યો, વિવિધ હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં ભાજપ કાર્યકર્તા હાજર રહ્યા હતા.

### કપડવંજ લાયન્સ ક્લબ દ્વારા ૨૫ મહિલા સફાઈ કર્મચારીઓનું સન્માન કરાયું

**કપડવંજ |** લાયન્સ ક્લબ કપડવંજ દ્વારા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. આ




પ્રસંગે ૨૫ જેટલી મહિલા સફાઈ કર્મચારીઓને સાડી તથા સન્માનપત્ર આપીને પ્રોત્સાહિત કરાઈ હતી. આ કાર્યક્રમમાં લાયન પ્રમુખ મુકેશ તલાટી, મંત્રી દિનેશ પટેલ, પાલિકા પ્રમુખ સેજલ પટેલ તથા ઉપપ્રમુખ સ્નેહા ઓઝા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પૂર્વ પ્રમુખો, સી.ઓ. મેહુલ પરમાર, પાલિકા સદસ્યો અને લાયન્સના સભ્યોએ હાજરી આપી હતી.

### વિદ્યાનગર રોડ યુવક મંડળ દ્વારા ૩૭મા ગરબા મહોત્સવનું શાસ્ત્રોક્ત વિધિથી સ્તંભ પૂજન સંપન્ન



**આણંદ |** વિદ્યાનગર રોડ યુવક મંડળ દ્વારા આયોજિત ૩૭મા ગરબા મહોત્સવ અંતર્ગત ભાદરવા સુદ નોમના દિવસે ગરબા ગ્રાઉન્ડ ખાતે વિધિવત્ સ્તંભ પૂજન કરવામાં આવ્યું. આ પ્રસંગે મંડળના પ્રમુખ વિજયભાઈ માસ્તર, ટ્રસ્ટી એચ.કે. પટેલ, સમાજના આગેવાનો અને યુવક મંડળો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. દાતાઓના અનેરા સહકાર અને ભાઈચારાની ભાવના સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ જાણીતા કલાકારોના કંઠે ભવ્ય ગરબા મહોત્સવ યોજાશે. સ્તંભ પૂજન સંપન્ન થતાં જ ગરબે ઘૂમવા માટે ખેલૈયાઓમાં અનેરો ઉત્સાહ અને થનગાટ પ્રસરી ગયો છે.

### આણંદના ચિખોદરાની એમ. એમ. હાઈસ્કૂલમાં હિંદી સપ્તાહ પુરસ્કાર વિતરણ સમારંભ યોજાયો




**આણંદ |** બેંક ઓફ ઇન્ડિયા, ચિખોદરા શાખા અને એમ. એમ. હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે હિંદી સપ્તાહ પુરસ્કાર વિતરણ સમારંભ યોજાયો હતો. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે બેંક ઓફ ઇન્ડિયા, ચિખોદરા શાખાના પ્રમુખ રૂપાબહેન શર્મા ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહનું અધ્યક્ષ પદ ચિખોદરા કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રકાંતભાઈ પટેલ તથા મંત્રી જીગ્નેશભાઈ પટેલે શોભાવ્યું હતું. આ કાર્યક્રમમાં વડોદરા ઝોનલ ઓફિસના રાજભાષા વિભાગના મેનેજર કિશોર સોનાર અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા.

### કરમસદની 'સફલ હાઇટ્સ'માં ૧૦૦૧ લાડુની આહુતિ સાથે ભવ્ય ગણેશ યજ્ઞ સંપન્ન



**આણંદ |** કરમસદ સ્થિત 'સફલ હાઇટ્સ' સોસાયટીમાં ગણેશ ચતુર્થીથી અનંત ચૌદશ સુધી ભવ્ય ગણેશ મહોત્સવનું શ્રદ્ધાપૂર્વક આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવ અંતર્ગત યોજાયેલા વિશેષ ગણેશ યજ્ઞમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે ૧,૦૦૧ લાડુની પવિત્ર આહુતિ અર્પણ કરવામાં આવી હતી. મહોત્સવ દરમિયાન દરરોજ સવાર-સાંજ આરતી-પૂજન, સમૂહ પ્રસાદ તેમજ બાળકો અને મહિલાઓ માટે ધાર્મિક-સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા છે. સોસાયટી પરિવારે મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી દર્શન-પૂજનનો લાભ લીધો હતો અને યજ્ઞ શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયો હતો.

### આણંદ જિલ્લા ભાજપ લઘુમતી મોરચા દ્વારા વડાપ્રધાનના જન્મદિવસ નિમિત્તે ખાસ પહેલ



**આણંદ |** પ્રદેશ ભાજપની સૂચના અનુસાર આણંદ જિલ્લા ભાજપ લઘુમતી મોરચા દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી અન્વયે વિવિધ સેવાકીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ આયોજન હેઠળ જિલ્લાભરમાં લઘુમતી મોરચાના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા સામાજિક તેમજ જનકલ્યાણકારી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. વડાપ્રધાનના જન્મદિન પ્રસંગે યોજાનારા આ કાર્યક્રમોનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રદેશ ભાજપના નિર્દેશો મુજબ સમાજના દરેક વર્ગ સુધી સેવાકીય કાર્યો પહોંચાડવાનો છે. આણંદ જિલ્લા લઘુમતી મોરચો આ સમગ્ર ઉજવણીનું અગ્રણી નેતૃત્વ કરી રહ્યો છે.